**ભારત- UN ની વૈશ્વિક ક્ષમતા નિર્માણ પહેલ હેઠળ વિવિધ પ્રોજેક્ટની શરૂઆત**

**02 ઓગસ્ટ, 2025**

વિદેશ મંત્રાલયના સચિવ (પશ્ચિમ) શ્રી તન્મય લાલ દ્વારા 01 ઓગસ્ટ, 2025 ના રોજ "ભારત સંયુક્ત રાષ્ટ્ર (UN) વૈશ્વિક ક્ષમતા નિર્માણ પહેલ" હેઠળ ચાર પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો શરૂ કરવામાં આવ્યો હતો. લૉન્ચ દરમિયાન જે દેશોમાં આ પ્રોજેક્ટ્સ શરૂ કરવામાં આવી રહ્યા છે તે દેશોના મિશનના વડાઓ, UN ના નિવાસી સંકલનકાર શ્રી શોમ્બી શાર્પ, ભારતમાં વિવિધ UN એજન્સીઓના વડાઓ અને વરિષ્ઠ વિદેશ મંત્રાલયના અધિકારીઓ હાજર હતા.

2. માનનીય વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરની હાજરીમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના 78માં સત્રના અંતે સપ્ટેમ્બર 2023 માં પહેલની જાહેરાત કરવામાં આવી હતી, જેના પછી ભારતમાં વિદેશ મંત્રાલય અને સંયુક્ત રાષ્ટ્રની ટીમએ સંયુક્તપણે SDG લક્ષ્યોને વેગ આપવા માટે દક્ષિણ-દક્ષિણ સહકારને પ્રોત્સાહન આપવા માટે વિવિધ પ્રોજેક્ટને ઓળખવા અને તેમના અમલીકરણ માટે કામ કર્યું હતું.

3. ભારત વૈશ્વિક દક્ષિણ માટે ક્ષમતા નિર્માણના પ્રયત્નોમાં અગ્રણી છે. ITEC (ભારતીય તકનીકી અને આર્થિક સહકાર) તેનો મુખ્ય કાર્યક્રમ છે, જે હેઠળ દર વર્ષે 400 થી વધુ વિશેષ અભ્યાસક્રમોમાં લગભગ 160 દેશોને 12000 થી વધુ તાલીમ સ્લૉટ પ્રદાન કરવામાં આવે છે, જેની સ્થાપનાથી અત્યાર સુધી 225000 થી વધુ તાલીમ સ્લૉટ કરવામાં આવેલ છે.

4. ભારત UN વૈશ્વિક દક્ષિણ ક્ષમતા નિર્માણ એ તકનીકી અને આર્થિક ક્ષેત્રોમાં ભારતની ક્ષમતા નિર્માણ કુશળતાનું સ્વાભાવિક વિસ્તરણ છે, જે સંબંધિત દેશોમાં માંગ-આધારિત કાર્યક્રમોને ડિઝાઇન કરે છે, જેનો હેતુ SDG પ્રાપ્ત કરવા માટે સકારાત્મક અસર કરવા માટે વિશેષ તાલીમ દ્વારા તેમના માનવ સંસાધનોને ટેકો આપવાનો છે. UN એજન્સી SDG આધારિત પ્રોજેક્ટ અને અન્ય પાસાઓની ઓળખમાં યજમાન સરકારને ટેકો આપશે જ્યારે તાલીમ ઘટક ભારત સરકારના ITEC કાર્યક્રમ દ્વારા અમલમાં મૂકવામાં આવશે.

5. પ્રથમ તબક્કામાં, અમલીકરણ માટે ચાર પ્રોજેક્ટની ઓળખ કરવામાં આવી છે જેમાં (a) વિશ્વ ખાદ્ય કાર્યક્રમના સમર્થનથી નેપાળમાં ચોખાનું ફોર્ટિફિકેશન અને સપ્લાય ચેઇન મેનેજમેન્ટ; (b) UNDP ના સમર્થનથી ઝામ્બિયા અને લાઓ PDR માટે ડિજિટલ હેલ્થ પ્લેટફોર્મ; (c) UN પોપ્યુલેશન ફંડના સમર્થનથી બેલીઝ, બારબાડોસ, સેન્ટ કિટ્સ અને નેવીઝ, સુરીનામ અને ત્રિનિદાદ અને ટોબાગોમાં વસ્તી ગણતરીની તૈયારી; અને (d) UNESCO ના સમર્થનથી દક્ષિણ સુદાન માટે વ્યાવસાયિક તાલીમ કાર્યક્રમ. આ પ્રોજેક્ટ માટે, ITEC તાલીમ સંસ્થાઓની ઓળખ કરવામાં આવી છે અને સપ્ટેમ્બર 2025 થી અભ્યાસક્રમો લાગુ થવાની અપેક્ષા છે.

**નવી દિલ્લી**

**01 ઓગસ્ટ, 2025**